પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૬ | ૧૬ જુલાઈ, ૨૦૧૭, રવિવાર ; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### વર્લ્ડ વિમેન્સ વર્લ્ડ કપમાં ભારતનો સેમિફાઈનલમાં પ્રવેશ



લંડન, તા.૧૫

વિમેન્સ વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડને હરાવી ભારતની ટીમે સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારતની ટીમે પ્રથમ બેટીંગ કરી ૨૬૫ રન ફટકાર્યા હતા. જ્યારે ન્યુઝીલેન્ડની ટીમને ૭૯ રને તંબુ ભેગી કરતા ભારતનો ૧૮૬ રને જ્વલંત વિજય થયો હતો.

મિતાલી રાજે તેની કારકિર્દીની છઠ્ઠી સદી આ મેચમાં નોંધાવી હતી.

### ત્રાલ વિસ્તારમાં ત્રણ આતંકવાદીઓ ઠાર

કાશ્મીરના ત્રાલ વિસ્તારમાં ભારતીય સેના અને આતંકીઓ વચ્ચે સર્જાયેલી અથડામણમાં ત્રણ ત્રાસવાદીઓને ઠાર મરાયા હતા.

### પૂર્વોત્તર રાજ્યોમાં પૂરની સ્થિતિ યથાવત

આસામ, મેઘાલય, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ જેવા પૂર્વોત્તર રાજ્યોમાં હજુ પણ પૂરની સ્થિતિ યથાવત રહેતા પ્રજાજનો ભારે હાલાકી ભોગવે છે. મૃત્યુ આંક ૯૦થી ઉપર પહોંચ્યો છે.

# રાજકોટ-ચોટીલામાં આભ ફાટ્યુ

**ચોટીલામાં ૧૫ કલાકમાં ૨૪ ઇંચ વરસાદ : રાજકોટ, મોરબી, ટંકારા, ચોટીલામાં આભ ફાટતાં સર્વત્ર હાહાકાર : ફસાયેલા હજારો લોકોનું સ્થળાંતર : ઠેર-ઠેર વિનાશ, તારાજીના દ્રશ્યો : એસટી, ટ્રેન અને હવાઇ સેવા સંપૂર્ણ ખોરવાઇ : તંત્ર હાઇએલર્ટ પર**



અમદાવાદ, તા.૧૫

અમદાવાદ, ગાંધીનગર સહિત રાજયભરમાં મેઘરાજાએ બીજા રાઉન્ડમાં છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર ગુજરાત રાજયને વરસાદી ઝંઝાવાતમાં જાણે ઘમરોળી નાંખ્યું છે. રાજકોટ-મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં તો જાણે આભ ફાટયુ હતું. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ ઈંચ, ટંકારામાં છ કલાકમાં ૧૭ ઈંચ અને ચોટીલામાં ૧૫ કલાકમાં ૨૪ ઈંચ વરસાદ અને જામનગરમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળપ્રલયની સ્થિતિ સર્જાઇ છે. રાજકોટ, ટંકારા અને

● અનુસંધાન પાન-૭ પર

# ડોકલામ મુદ્દે સરકારને વિપક્ષનો ટેકો

**રાજદ્વારી વિકલ્પોને હાથ ધરવા મુદ્દે સહમતી : ભુટાનના પ્રદેશ મારફતે રસ્તાના નિર્માણ કામને રોકવાના ભારતીય જવાનોના તમામ પગલાને પણ વિપક્ષનુ સમર્થન**

નવી દિલ્હી,તા. ૧૫

ડોકલામ સરહદી મડાગાંઠના મુદ્દે કેન્દ્ર સરકારના વલણને વિપક્ષે ટેકો આપ્યો છે. મોદી સરકાર અને તમામ મોટા વિરોધ પક્ષો ડોકલામ સરહદી વિવાદને ઉકેલવા રાજદ્વારી વિકલ્પનો ઉપયોગ કરવા માટે સહમતિ સધાઈ હતી. ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી સરહદે મડાગાંઠની સ્થિતી છે. વિપક્ષે ભુટાની પ્રદેશ મારફતે માર્ગના નિર્માણ કરવાના ચીનના પ્રયાસને રોકવાના ભારતીય સેનાના પગલાને પણ ટેકો આપ્યો છે. તમામ વિરોધ પક્ષના નેતાઓ એ બાબત પર સહમત છે કે ચીન દ્વારા અગાઉ કરવામાં આવી રહેલી સમજુતીનો ભંગ કરીને નિર્માણ કામગીરી હાથ ધરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન અને સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે કહ્યુ છે કે ચીને પહેલા નહેરુના ગાળા દરમિયાન વિશ્વાસઘાત કર્યો હતો અને ફરી એકવાર જો ધ્યાન આપવામાં આવશે નહી તો એનડીએ સરકાર સાથે આવુ જ કરશે. પૂર્વ સંરક્ષણ પ્રધાન અને

● અનુસંધાન પાન-૭ પર





